

પાલનપુરમાં આ વર્ષે ચોમાસાનો ધમાકેધાર પ્રારંભ થયો છે. પાલનપુર ખાતે સાત ઈંચ વરસાદથી પાલનપુરના નવા બનાવાયેલા જાહેર રોડ પર ઠેર ઠેર ભૂવા પડ્યા છે. કંથરીયા હનુમાન રોડ પર ગેસ સિલીન્ડર ભરેલી ટ્રકનું ટાયર ઘુસી ગયું હતું. આ ઘટનાના ૨૪ કલાકમાં જ બ્રિજેશ્વર કોલોની પાસે બીજો ભુવો પડતા તેમાં પણ ટ્રકના પાછળના ટાયર અંદર ઘુસી ગયા હતા ત્યારે પાલનપુરના જાહેર માર્ગો કેટલી મજબુતાઈથી બનાવ્યા હશે તેનો ખ્યાલ આવી જાય છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# બાલારામ નદીમાં ન્હાવા પડેલા બેનાં મોત બે નો બચાવ

પાલનપુર, તા. ૧૫

પાલનપુર નજીક આવેલ પવિત્ર યાત્રાધામ બાલારામ ખાતે ગત સપ્તાહે પડેલા વરસાદના કારણે તથા ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે બાલારામ નદી બે કાંઠે વહેવા લાગેલ છે. પવિત્ર યાત્રાધામમાં રવિવારના દિવસે ભક્તોની તથા સહેલાણીઓની ભારે ભીડ જોવા મળે છે. જેમાં ચાર મિત્રો ફરવા ગયેલા અને વહેતી નદીમાં ન્હાવા પડેલા હતા. જેમાં બે ના મોત થવા પામ્યા છે. જ્યારે બે ને બચાવી લેવામાં આવ્યા છે. બન્ને મૃતકોને પાલનપુર સિવિલ ખાતે લવાયેલ છે. પાલનપુર નજીક આવેલ યાત્રાધામ બાલારામ ખાતે દર્શનાર્થે તથા ફરવા ગયેલા વડગામ તાલુકાના મેતા ગામના પ્રમોદભાઈ મંગળભાઈ મકવાણા ઉં.વ. ૩૨ તથા દલપતભાઈ મફાભાઈ જગાણીયા ઉં.વ. ૨૮ રહે. મેતા બન્નેનું ડુબી જવાથી મોત નીપજ્યુંહતું. જ્યારે તેમની સાથે ન્હાવા પડેલા હમીદભાઈ પીર તથા રોહન ઓમપ્રકાશ દવેને સ્થાનીક તરવૈયાઓએ ભારે જહેમતથી બચાવી લીધા છે. જ્યારે આ પ્રસંગે રેસ્ક્યુ ઓપરેશન માટે તંત્ર દ્વારા કોઈજ આવ્યું ન હતું. દરેક વરસાદના સમયે બાલારામ નદી ભોગ લે છે. છતાં પણ તંત્ર દ્વારા કોઈજ વ્યવસ્થા અથવા કડકાઈ દાખવી નથી કે કોઈ પોલીસ પોઈન્ટ પણ મુકવામાં આવ્યો નથી દર વખતે સ્થાનીકો દ્વારા જ બચાવ કામગીરી કરાવાય છે. બન્ને ડુબી જુનારની બોડી સિવિલમાં લવાતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. બચાવેલા બન્નેને સારવાર માટે પાલનપુર લાવવાની કામગીરી કરાવાઈ છે.



પાલનપુર શહેરના હાઈ-વે સર્કલથી અમદાવાદ હાઈ-વે તરફ જતી એક ટ્રકને પાછળથી આવતી અન્ય એક ટેન્કરે જોરદાર ટકકર મારતા અકસ્માત સર્જાયો હતો અને ટેન્કરના ચાલકને ગંભીર ઈજાઓ થવા પામી હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# પાલનપુરના માધુપુરા માર્ગ પર તસ્કરો ત્રાટક્યા પ્રગતિનગરમાંથી ૮૫ હજારની ચોરી કરી

પાલનપુર, તા. ૧૫

પાલનપુરના માધુપુરા માર્ગ પર આવેલી પ્રગતિનગર સોસાયટી ભાગ-૨ ના એક બંધ મકાનના તાળા તોડી તસ્કરોએ ૫ હજાર રોકડા અને ૮૦ હજારના દાગીના લઈ પલાયન થઈ ગયા હતા.

પાલનપુર શહેરમાં છેલ્લા ઘણા સમયથી ઘરફોડ ચોરીની ઘટનાઓનો ગ્રાફ વધી રહ્યો છે ત્યારે આજે વધુ એક બનાવ બનવા પામ્યો હતો. પાલનપુરના માધુપુરા માર્ગ પર આવેલી પ્રગતિનગર ભાગ-૨ સોસાયટીમાં રહેતા જસવંતસિંહ જમાતસિંહ સોલંકી ઉના ખાતે દવાખાને ગયા હતા ત્યારે તસ્કરોએ ગતરોજ તેમના બંધ મકાનના દરવાજાનું તાળુ તોડી તેમાં પ્રવેશ કર્યો હતો અને તેમાં પડેલા રૂ. ૫૦૦૦ રોકડા અને ત્રણ જોડી સોનાની બુટ્ટી અને એક સોનાની ચેન મળી કુલ ૮૫૦૦૦ની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

આમ દિન પ્રતિદિન ચોરીના બનાવોને પગલે સ્થાનિકજનો રોષે ભરાયા છે અને પોલીસને સક્રિય બનવા માંગણી કરી છે. પાલનપુર પોલીસે આ મામલે ૮૫૦૦૦ની ચોરીની ફરિયાદ નોંધી તસ્કરોને પકડવા કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસા પાસે અકસ્માતમાં મોતને ભેટેલ યુવક ઓળખાયો

ડીસા, તા. ૧૫

ડીસા નજીક આવેલ બનાસનદીના પૂલ પાસે શુક્રવારના રોજ જીપની ટક્કરે અજાણ્યા યુવકને ગંભીર પ્રમાણમાં ઈજાઓ થતાં બીજા દિવસે તેનું મોત નિપજ્યું હતું. પરંતુ આ યુવક રાજપુર લોધવાસનો હોવાનું માલુમ પડતાં મૃતદેહને વાલીવારસને સુપ્રત કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ શુક્રવારના રોજ બનાસ નદીના પુલ પાસે સાંજના સુમારે જીપ (જીજે-૮-આર-૫૦૬૧) ના ચાલકે એક યુવકને ટક્કર મારતા તેને ગંભીર હાલતમાં ૧૦૮ મારફતે ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબિયત નાજુક જમાતા વધુ સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ ત્યાં સારવાર દરમ્યાન તેનું મોત નિપજ્યું હતું. પરંતુ તેના વાલીવારસો ન મળતાં મૃતદેહને કોલ્ડરૂમમાં મુકવામાં આવી હતી. બીજી તરફ આ અકસ્માતનો ગુનો ડીસા રૂરલ પોલીસ મથકમાં દાખલ થતાં પોલીસે યુવકના વાલી વારસોની શોધખોળ હાથ ધરતાં મરનાર યુવક રાજપુર વિસ્તારના લોધવાસમાં રહેતો સુરેશકુમાર બંસીલાલ લોધા (ઉં.વ. ૩૦) હોવાનું બહાર આવતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. મરનાર યુવક એક પુત્રનો પિતા અને પત્ની છેલ્લા કેટલાક સમયથી પિયરમાં ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. જો કે યુવક એકલવાયુ જીવન જીવતો હોવાથી ધાનેરા ખાતે રહેતા તેના કાકાને જાણ કરવામાં આવતા તે ડીસા આવી પહોંચ્યા હતા અને આ વિસ્તારના અગ્રણીઓ સાથે પાલનપુર જઈ મૃતદેહને ડીસા લાવી હતી. આ યુવક છેલ્લા કેટલાય સમયથી આર.ટી.ઓ. ચાર રસ્તા પર મંજુરીએ જતો હોવાનું જાણવા મળ્યું હતું.

# ભદ્રામલીમાં ગૌચરમાં દબાણ કરનાર ઈસમે ગરીબ પરીવારનું છાપરૂં પાડી નાખ્યું

ડીસા, તા. ૧૫

ડીસા તાલુકાના ભદ્રામલી ગામે ગૌચરમાં દબાણ કરી વાવેતર કરવા માટે એક ઈસમે ગરીબ પરિવારનું છાપરૂ જેસીબી મશીન વડે હટાવી દઈ નિરાધાર બનાવી દેતાં તેણે ડીસા તાલુકા પંચાયત સમક્ષ ન્યાય માટે માંગણી કરી છે.

ડીસા તાલુકાના ભદ્રામલી ગામે એક ઈસમે ગૌચરની જમીનમાં દબાણ કરી મોટા પાયે વાવેતર કર્યું છે. છતાં વધુ દબાણ કરવા માટે પેરવી કરી રહ્યો છે.

આ દબાણની બાજુમાં હબીબખાન જીવણખાન બલોચ છાપરૂ બનાવીને રહેતા હતા ત્યારે દબાણદારે જેસીબી મશીન વડે હબીબખાન બલોચનું છાપરૂ દૂર કરી દઈ ગૌચરમાં ઉભેલા લીમડાના સાત ઝાડ પણ પાડી દીધા છે. તેમજ હબીબખાન બલોચને જગ્યા ખાલી કરી જતા રહેવાની ધમકીઓ આપતાં તેમણે ગતરોજ ડીસા તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી ચંદુભાઈ ડગલાને રજુઆત કરતાં એમણે ઘટતુ કરવાની ખાત્રી આપી હતી. આ બાબતે અરજદાર હબીબખાન બલોચે જણાવ્યું હતું કે હુ ખરાબામાં છાપરૂ બનાવીને રહુ છુ પરંતુ મારી બાજુના દબાણદારે હુ જે જગ્યાએ રહુ છુ તે સરકારી જમીનમાં વાવેતર કરવા માટે મારૂ છાપરુ પડાવી અહી ઉભેલા લીમડાના ઝાડ પણ પડાવી નાખ્યા છે આ બાબતે મેં સરપંચ અને તલાટી સમક્ષ રજુઆત કરેલ પરંતુ તલાટીએ જણાવેલ કે મને આમાં કઈ ખબર નથી અને ગામ છે એટલે આવુ તો રહેવાનુ. આમ મારી વાત ન સાંભળતા મે તાલુકા વિકાસ અધિકારી સમક્ષ રજુઆત કરી છે.



નગર નંદનવન યોજના અન્વયે ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા લાયન્સ યુવા ખેડબ્રહ્માના સહયોગથી વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નવા મારવાડાથી આરંભાયેલ આ કાર્યક્રમ અંતર્ગત ખેડબ્રહ્મા શહેરની સોસાયટીઓ, કોમન પ્લોટ, શૈક્ષણિક સંકુલોમાં ૫૦૦૦થી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ ઈન્દીરાબહેન, ઉપપ્રમુખ લીલાબહેન, સદસ્યો બ્રિજેશ પટેલ, હિતેશ દિક્ષીત, ચીફ ઓફિસર દર્શનસિંહ ચાવડા, એસ.આઈ. નરેન્દ્રસિંહ પરમાર, લાયન્સ યુવાનો બ્રિજેશ બરોટ, જીજ્ઞેશ રાવલ, મહેન્દ્રસિંહ ચૌહાણ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતાં. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# ડીસા ખાતે કલાલ સમાજનું સંમેલન તેજસ્વી તારલાઓને સન્માનાયા

(તસવીર : કાન્તીલાલ લોઘા, ડીસા)



ડીસા, તા. ૧૫

ડીસા લોહાણા સમાજની વાડીમાં પટેલ (કલાલ) સમાજનું સંમેલન અને સમાજના તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કરવાનો કાર્યક્રમ સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં અખિલ ગુજરાત જયસ્વાલ સમાજના પ્રમુખ પન્નાલાલ જયસ્વાલ, 'કલચોરી દિવ્ય જ્યોતિ' માસિકના પ્રધાન સંપાદક ચંપાલાલ સિસોદીયા તેમજ પાલનપુર કોલેજના પ્રોપેસર શૈલેષભાઈ જયસ્વાલ સહિત મોટી સંખ્યામાં પટેલ (કલાલ) સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમનો આરંભ પ્રાર્થના અને દિપપ્રાગટ્ય કરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. સભામાં છેલ્લી સાધારણ સભાથી આજની તારીખ સુધી ભવ્ય પામેલ સમાજ બંધુઓના માનમાં બે મિનિટ મોન પાળવામાં આવ્યું હતું.

ત્યારબાદ ભોજનદાતા, ઈનામદાતા, લાણીદાતા અને અન્ય વિશિષ્ટ મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૧-૧૨ના નાણાંકીય અહેવાલ અને કાર્યવાહી વેચાણે લઈ મંજુર કરવામાં આવ્યા હતા અનો સામાજના તોજસ્વી તારલાઓનું સન્માન અને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સમાજના વિકાસ, શિક્ષણ અને સંગઠન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી પટેલ (કલાલ) જ્ઞાતિ સમાજ પાલનપુરના પ્રમુખ દેવીલાલ પટેલ અને મંત્રી હસમુખભાઈ પટેલ તેમજ અન્ય અગ્રણીઓએ અને યુવા કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી. ઉપસ્થિત તમામ મહેમાનો ગ.સ્વ. લક્ષ્મીબેન બાબુલાલ પટેલ (દાંતીવાડા) હાલ ડીસા તરફથી ભોજન આપવામાં આવ્યું હતું.




પાલનપુર શહેરમાં છેલ્લા ઘણા સમયથી ટેલીફોન વાયર ચોરી કરતી ગેંગના એક શખ્સને આજે પાલનપુર એસ.ઓ.જી. અને એલ.સી.બી.ની ટીમે ઝડપી પાડયો હતો અને ઝડપાયેલ ઈસમ દલપત ઉર્ફે દિલીપ ઉર્ફે દલો બાબુજી ગેલોતને પકડી તેની વધુ પૂછપરછ હાથ ધરી છે તે તસવીરમાં નજરે પડે છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# કાંટ પ્રાથમિક શાળામાં શિક્ષકોનો આંતરિક કલહ ચરમ સીમાએ

ડીસા, તા. ૧૫

ડીસા તાલુકાના કાંટ ગામની પ્રાથમિક શાળામાં શિક્ષકોના આંતરિક કલહને કારણે બાળકોના શિક્ષણ પર વિપરીત અસર પડી રહી છે. કેટલાક શિક્ષકો શાળામાં મોડા આવે છે. અને શાળાના ટાઈમ માંથી ગુલ્લી મારતા હોવા છતાં આચાર્ય દ્વારા શિક્ષકો સામે પગલા નહી ભરાતા કેટલાક શિક્ષકોએ હોબાળો મચાવ્યો હતો. પ્રાથમિક શાળામાં શિક્ષકોનો આંતરિક કલહ છેલ્લા કેટલાય સમયથી જોવા મળી રહ્યો હોવાનું ગ્રામજનોએ જણાવ્યુ હતુ. કાંટ ગામના પુર્વ સરપંચ અને વર્તમાન સરપંચના પતિદેવ શંભુજી મણાજી ઠાકોરે જણાવ્યુ હતુ કે શિક્ષકો મહિનામાં એકવાર ન ઝઘડેતો તેમને ચેન પડતુ નથી જેના કારણે વિધાર્થીઓના માનસ પર વિપરીત અસર પડી રહી છે. આ બાબતે શાળાના ઈન્ચાર્જ આચાર્યએ હાથ અધ્ધર કરતાં જણાવ્યુ હતુ તે શિક્ષકો ગમેતે ટાઈમે આવે તેમાં મારે કઈ જોવાનું હોતુ નથી. મારેતો માત્ર વિધાર્થીઓનો ખ્યાલ રાખવાનો છે. ત્યારે બીજી તરફ એક શિશ્રકોએ જણાવ્યુ હતુ કે શાળામાં શિક્ષકો મોડા આવે ગમે ત્યારે જતા રહે તે જોવાની જવાબદારી શાળાના મુખ્ય શિક્ષકની છે છતાં પણ મુખ્ય શિક્ષક ગુલ્લીબાજ શિક્ષકો સામે કોઈ પગલાં ન ભરી પોતાની જવાબદારી માંથી છટકી રહ્યા છે. ત્યારે અગ્રણી કલ્યાણભાઈ મિસ્ત્રી, પૂર્વ સરપંચ ભગાભાઈ પટેલે જણાવ્યુ હતુ કે શિક્ષકોના આપસના ઝઘડામાં વિધાર્થીઓના ભાવિપર વિપરીત અસર પહોચી રહી છે એટલે શિક્ષકમાં બેદરકારી દાખવનાર અને અવાર નવાર સામ સામે આવી જતા શિક્ષકોની બદલી કરવામાં આવે તે બાળકોના હીતમાં છે.ત્યારે આ બાબતે જીલ્લા પ્રાથમિક અધિકારી તપાસ કરી બાળકોના હીતમાં પગલાં ભરે તેવી વાલીઓની માંગણી છે.



પાલનપુર ઘાણવા પાસે વાહનચેકીંગ દરમ્યાન એક કાર નં. જીજે-૨૪-એ-૪૧૭૧ને થોભાવી કારની તલાશી લેતા તેમાંથી દેશી બનાવટની બાર બોરની બંદૂક અને ૪ જીવતા કારતુસ મળી આવ્યા હતા. જે અંગે પાલનપુર એસ.ઓ.જી.એ. આર્મ્સ એક્ટ મુજબ કારના ચાલક ખુશાલસિંહ બળવંતસિંહ ડાભી રહે. ગોઢ વિરૂદ્ધ ગુનો દાખલ કરી રૂ. ૭૦૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરી છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩<br>૯૩૭૪૮૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.) | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧